કાન્તિ ભટ્ટ

## વાત જય-પરાજયની

હિંદુધર્મીઓને ગીતાપાઠ કરવાનું કહેવામાં અવે છે અને એમાં એક મહાન સૂત્ર છે: *કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન* અર્થાત્ હે માનવી, તારે તો માત્ર કર્મ જ કરવું. ફળની આસક્તિ રાખ્યા વગર એટલે કે જય-પરાજયની કામના કર્યા વગર માત્ર કર્મ કરવું, પરંતુ જો અપણો વન-ડે ક્રિકેટન સારથિ મેહેન્દ્રસિંહ ધની આપણને બધાને આ ગીતાન શ્લોક ટાંકે તો આપણે શું કહીએ ? એની ફિલસૂફી ગળે નહીં ઊતરે. રમતગમતમાં, વેપારમાં, લેખનમાં કે કોઇ પણ ક્ષેત્રે આજે ૨૧મી સદીમાં સક્સેસ શબ્દ પાટે બેઠો છે. ગીતા ગમે એ કહે, કર્મ કરતી વખતે એનું ફળ શું આવશે એનો વિચાર માણસ કરે જ છે. બાગમાં ફૂલ-ઝાડને મળી પાણી સિંચે અને કાળજી રાખે ત્યારે એ ફળ-ફૂલ ઈચ્છે જ છે.

મારી પાસે ડીપ પ્લે નામનું પુસ્તક છે. એમાં જીવનને પણ એક રમત કહી છે. Life is the game that must be played and won. આ સૂત્ર એટવિન રોબિન્સને આપેલું. જીવન એક રમત છે  એ તમારે રમવી જ જોઇએ, હારવું ન જોઇએ. એ રમત જીતવી જ જોઇએ. ક્રિકેટમાં ઑસ્ટ્રેલિયનો ગમે તે ભોગે વિજયનો તીખો સંકલ્પ રાખે છે. બીજા શબ્દોમાં ઑસ્ટ્રલિયનો ક્રિકેટની રમતમાં કિલર ઈન્સ્ટિંક્ટ છે. નેલ્શન મંડેલાનું એક વાક્ય બધાને સ્પર્શી જાય એવું છે. સ્પોર્ટ હેઝ ધ પાવર ટુ ચેન્જ ધ વર્લ્ડ. ઈટ હેઝ ધ પાવર ટુ ઈન્સ્પાયર, ઈટ હેઝ ધ પાવર ટુ યુનાઇટેડ પીપલ, સ્પોર્ટ કેન અવેકન હોપ. વ્હેર ધેર વૉઝ પ્રિવિયસ્લી ઓન્લી  ડિસ્પેર..નેલ્શન મંડેલા ફૂટબોલની રમત જ નહીં, પણ જિંદગીની રમતના પણ ચેમ્પિયન છે. એ કહે છે કે રમતગમત આખી દુનિયાને બદલી શકે એવી એમાં શક્તિ છે. માનવીને પરેરણા આપવાની રમતમાં શક્તિ છે..અને ખાસ તો રમતગમત દેશના માનવીઓને સંગઠિત કરે છે. મુંબઇમાં જયારે મુંબઇવાસી અને બિહારવાસીઓન કંકાસ ચાલુ હતો ત્યારે બ્રિસ્બેનમાં કોઇએ આપણી ક્રિકેટની જીત વખતે જોયું કે ઈરફાન પઠાણ મુસ્લિમ છે અને પ્રવીણકુમાર મેરઠનો છે ? સચીન બ્રાહ્મણ છે કે યુવરાજ ક્ષત્રિય છે એમ કોઇ પૂછતું હતું ? ક્રિકેટના વિજયે આપણને ઉજવણીમાં પણ સંગઠિત કરેલા.

મારા પિતા મને ઝાંઝમેરથી ભાવનગર કંઇક કામ કરવા મોકલે પછી ૧૯૫૦માં ટ્રેનની છ કલાકની સફર પછી ઝાંઝમેર ગામે પહોંચું તયારે તું જમ્યો કે ચા-દૂધ પીધાં એમ ન પૂછતાં મને સીધું જ મારા પિતા પૂછતાં: સિંહ કે શિયાળ. એટલે કે ફતેહ મેળવીને આવ્યો ? સરકારી કામ સફળતાથી પતાવ્યું ? અને હું માત્ર એક જ શબ્દમાં કહું સિંહ. ત્યારે શાબાશ એમ કહે અને પછી જમવાના ભાવ પૂછે સિંહ એ વિજયની સંજ્ઞા છે. શિયાળ એ પરાજયની. બચપણથી જ આપણને સૌને મા-બાપને ખુશ કરવા, પરિક્ષામાં પાસ થવું. ઇન્ટરવ્યૂમાં પાસ થવું, નોકરી મેળવવામાં પાસ થવું એવા સંસ્કાર મળે છે અને તમે ઑસ્ટ્રેલિયાનોને જોયાં હશે એ લોકો પરાજયને પચાવતાં જ શીખ્યા નથી.

આપણા સ્પોર્ટસમેન, રાજકારણી અને વેપારીઓ જ્યારે આબરૂને હોડમાં મૂકે ત્યારે અવશ્ય વિજય મેળવે છે. પ્રતિમા પંડ્યા નામની કવયિત્રીએ મને એક લઘુ કાવ્ય મોકલ્યું છે.

હવે ખેતરમાં
ચાડિયા વધુ ને પાક ઓછો છે,
ખબર નથી પડતી
કોણ કોને સાચવે છે ?

આપણા રાષ્ટ્રીય ખેતરમાં નરબંકા પાકતા નથી એનો ખરખરો કવયિત્રી કરે છે. તમે જોયું કે ભારતનો માનવી બીજી ઘણી બાબતોમાં આજે નિરાશ છે. શૅરબજારનો ઇન્ડેક્સ, રાજકારણઓની દગડાઇ, મલ્ટિનેશનલ કંપનીઓનું શોષણ, મોંઘવારી એ બધી હાલત.

બેનઝીર શાહનાઝ નામના ઉર્દૂ શાયરની એક શાયરી આખી હું ટાંકતો નથી, પણ એનો સાર આપું છું. આ શાયરીનો ભાવાર્થ તમે કોઇ નવો પડકાર ઝીલો ત્યારે ખૂબ કામનો છે: હે ઈશ્વર ! હું ખૂબ ખૂબ શુભ ભાવના અને ટકોરાબંધ નિષ્ઠાથી એક કામ ઉપાડું છું એને સફળ કરવાનો પડકાર ઝીલું છું. હે ઈશ્વર ! જો હું શુદ્ધ ભાવનાથી મારું કર્તવ્ય પાર પાડું

અને તારા સત્યના તત્ત્વનો ઉપાસક મને ગણીને હું મારી પરીક્ષા લેતો હોય તો ભગવાન, તારી પણ એમાં પરીક્ષા આવી જાય છે..એટલે હે ભગવાન! મને સફળ બનાવવામાં તારી આબરૂ પણ હોડમાં છે !

લંડનથી પ્રગટ થતું ગાર્ડિયન નામનું દૈનિક ઘણી વખત પ્રેરણાદાયી વાતો લખે છે. રેસિપી ફોર સકસેસ નામનો લેખ છે. એમાં સફળતા માટેની રીત અગર સફળતાની વાનગી બનાવવાની રીત. યુનિવર્સિટી ઑફ કેલિફર્નિયાએ જે તારણ કાઢ્યું તે એ લેખમાં છે.તમે ધોનીને મેદાનમાં કૅપ્ટન તરીકે ચિયરફુલ જોયો છે. એ ગંભીર ચહેરો રાખતો નથી. એણે જાણે કેલિફોર્નિયા યુનિ.નું તારણ વાંચી કાઢ્યું છે.

અમેરિકન અબજપતિ એન્ડ્રુ કાર્નેગીને એની સફળતાનું રહસ્ય પૂછવામાં આવ્યું ત્યારે એણે કહ્યું કે મારી સફળતાના ત્રણ અંશ છે. એમાં સમાન શબ્દ છે શ્રદ્ધા મારી પોતાની શક્તિમાં શ્રદ્ધા અને મારી સાથે કામ કરનારામાં શ્રદ્ધા અને છેલ્લે હું જે બિઝનેસ કરું છું એમાં શ્રદ્ધા..!